# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

********************************************************

1) સરકારે ઉત્તરપ્રદેશના જેવરમાં સેમિકન્ડક્ટર એકમ સ્થાપવાની મંજૂરી આપી
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓપરેશન સિંદુર દરમિયાન સશસ્ત્ર દળોની બહાદુરી અને સમર્પણની પ્રશંસા કરી
3) ન્યાયાધીશ બી આર ગવઈએ દેશના 52મા મુખ્ય ન્યાયમુર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા
4) એપ્રિલ મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક- WPI આધારિત ફુગાવો ઘટીને 0.85 ટકા થયો
5) ભારતે ચીન અને તુર્કિયેનાં સમાચાર માધ્યમોનાં એક્સ એકાઉન્ટ્સને બ્લોક કર્યા

………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET

સરકારે ઉત્તર પ્રદેશમાં જેવર એરપોર્ટ નજીક સેમિકન્ડક્ટર એકમ સ્થાપિત કરવાની મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, એચસીએલ અને ફોક્સકોનનાં સંયુક્ત સાહસ સાથે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ આ એકમની સ્થાપના કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, આ પ્લાન્ટ દર મહિને 20 હજાર વેફર્સનાં ઉત્પાદન માટે તૈયાર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે આ એકમમાં ત્રણ હજાર 700 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

**(BYTE: ASHWINI VAISHNAW)**

તેમણે જણાવ્યું હતું કે, 270 શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકો નવા ઉત્પાદનો વિકસાવવા માટે વિશ્વ કક્ષાની નવીનતમ ડિઝાઇન ટેકનોલોજી પર કામ કરી રહ્યા છે.

# PREZ- FORCES CHIEF

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, હવાઇ દળના વડા એર ચીફ માર્શલ એ પી સિંહ અને નૌકા દળના વડા ચીફ એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરીને તેમને ઓપરેશન સિંદૂર વિશે માહિતગાર કર્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ સશસ્ત્ર દળોની બહાદુરી અને સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે ત્રાસવાદ સામે ભારતનાં પ્રતિસાદમાં સશસ્ત્ર દળોની મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું જણાવ્યું હતું.

# VP JAIPUR VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે રાજસ્થાનના જયપુરની એક દિવસની મુલાકાતે જશે. ઉપરાષ્ટ્રપતિ ધનખડ ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ભૈરવ સિંહ શેખાવતની પુણ્યતિથિ નિમિત્તે જયપુરમાં સ્મારક પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરશે.

ભૈરવ સિંહ શેખાવતે ઓગસ્ટ 2002થી જુલાઇ 2007 દરમિયાન ભારતના 11મા ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. તેમણે ત્રણ કાર્યકાળ માટે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

આ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઉપસ્થિત રહેશે.

# CJI B R GAVAI OATH

ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ આજે દેશના 52મા મુખ્ય ન્યાયમુર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા. રાષ્ટ્રપતિ ભવન ખાતે આજે સવારે યોજાયેલા વિશેષ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શ્રી ગવઈને શપથ લેવડાવ્યા હતા. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ ગઈકાલે નિવૃત્ત થયેલા ન્યાયાધીશ સંજીવ ખન્નાનું સ્થાન લીધું છે. શપથગ્રહણ સમારોહમાં ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ઉપસ્થિત રહ્યા હતા.

# CHHATTISGARH-MAOISTS

**છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં તેલંગાણા સરહદ પર સ્થિત કર્રેગુટ્ટા ટેકરી પર લગભગ 21 દિવસ સુધી ચાલેલા માઓવાદી વિરોધી અભિયાનમાં 16 મહિલા માઓવાદીઓ સહિત 31 માઓવાદીઓ માર્યા ગયા છે.**

આજે બીજાપુરમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ-CRPFના મહાનિદેશક જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહ, છત્તીસગઢના પોલીસ મહાનિદેશક અરુણ દેવ ગૌતમ અને બીજાપુરના પોલીસ અધિક્ષક જીતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું કે 21 એપ્રિલથી આ મહિનાની 11મી તારીખ સુધી હાથ ધરવામાં આવેલા આ અભિયાન દરમિયાન કુલ 21 અથડામણો થઈ હતી.

તાજેતરનાં વર્ષોમાં શરણે આવેલા નક્સલવાદીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. CRPFના મહાનિદેશક જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે, માર્ચ 2026 સુધીમાં દેશને નક્સલમુક્ત બનાવવાના સરકારનાં નિર્ધારને પૂર્ણ કરવા કેન્દ્રીય સલામતી દળો અને રાજ્યની પોલિસ સતત માઓવાદી વિરોધી અભિયાન ચલાવી રહી છે.

શ્રી સિંહે આ અંગે વધુ માહિતી આપીઃ

**(BYTE: CRPF DG )**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# SURAT TIRANGA YATRA

સુરતમાં ભાજપ દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કરાયું. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું કે દેશવાસીઓના રક્ષણ માટે ભારતીય સશસ્ત્ર દળો સરહદે ખડેપગે છે. ભાગળ ચાર રસ્તાથી ચોકના કિલ્લા સુધી યોજાયેલી આ તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓ અને પૂર્વ સૈનિકો જોડાયા હતા.

# Chinese X account closed

ભારતે ગ્લોબલ ટાઇમ્સ, શિન્હુઆ ન્યૂઝ એજન્સી અને ટીઆરટી વર્લ્ડના એક્સ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશમાં કથિત રીતે પાકિસ્તાનનો ખોટો પ્રચાર કરવા બદલ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ગ્લોબલ ટાઇમ્સ એ ચીનનાં સામ્યવાદી પક્ષની માલિકીના પીપલ્સ ડેઇલી હેઠળ સંચાલિત અંગ્રેજી ભાષાનું ટેબ્લોઇડ છે. શિન્હુઆ ન્યૂઝ એજન્સી પીપલ્સ રીપબ્લિક ઓફ ચાઇનાની સત્તાવાર સરકારી સમાચાર એજન્સી તરીકે સેવા આપે છે, જ્યારે ટીઆરટી વર્લ્ડ તુર્કીની જાહેર પ્રસારણકર્તા છે.

# WPI INFLATION

એપ્રિલ મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક WPI આધારિત ફુગાવો નોધપાત્ર ઘટીને 0.85 ટકાની 13 મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આજે રજૂ કરેલા આંકડામાં જણાવ્યું છે કે, માર્ચ મહિનામાં WPI ફુગાવો 2.05 ટકા હતો.

વીતેલા મહિનામાં ખાદ્યાન્નનાં ભાવમાં ઘટાડો થયો હતો, જ્યારે ઇંધણનાં ભાવમાં દ્વિઅંકી ઘટાડો થયો હતો.

# STOCKS CLOSE

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો આજે સાધારણ તેજી સાથે બંધ રહ્યા હતા. અપેક્ષા કરતાં ફુગાવામાં વધુ ઘટાડો અને ભૂ-રાજકીય તંગદિલી હળવી બનતાં મોટાં ભાગનાં સેક્ટર્સમાં ખરીદીને પગલે બીએસઇ સેન્સેક્સ 182 પોઇન્ટ વધીને 81 હજાર 331 પોઇન્ટ પર બંધ રહ્યો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી- 50, 89 પોઇન્ટ વધીને 24 હજાર 667 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. અમેરિકન ડોલર સામે રૂપિયો સાત પૈસા વધીને 85 રૂપિયા 27 પૈસા પર બંધ રહ્યો હતો.

મિડ કેપ  સૂચકાંક 1.2 ટકા અને સ્મોલ-કેપ સૂચકાંક 1.6 ટકા વધ્યો હતો.

# CBSE- 15 DAY HELP LINE

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને સહાય કરવાના ઉદેશ્યથી નિશુલક મનોસામાજિક કાઉન્સેલિંગ સેવાઓનો બીજો તબક્કો શરૂ કર્યો છે. 13 મે થી શરૂ થયેલી આ હેલ્પલાઇન સેવા 28 મે સુધી ઉપલબ્ધ રહેશે.

નિ:શુલ્ક કાઉન્સેલિંગ સેવા વિવિધ સહાયક વિકલ્પો પ્રદાન કરે છે. જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓ આ સેવાનો ઉપયોગ કરી સાચું માર્ગદર્શન મેળવી શકે.

સેવાઓનો ઉપયોગ કરવા માટે, વિદ્યાર્થીઓ CBSE વેબસાઇટના "કાઉન્સેલિંગ" વિભાગની મુલાકાત લઈ શકે છે અથવા સત્તાવાર CBSE HQ YouTube ચેનલ જોઈ શકે છે.

# SOMALIYA FLOOD

સોમાલિયામાં, મધ્ય એપ્રિલથી આવેલા અચાનક પૂરને કારણે ઓછામાં ઓછા 17 લોકોના મોત થયા છે અને 84 હજાર થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. માનવીય બાબતોનાં સંકલન માટેની સંયુક્ત રાષ્ટ્ર કચેરીએ  જણાવ્યું કે આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં માળખાગત સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે  અને અસરગ્રસ્ત લોકોને મદદની તાત્કાલિક જરૂરિયાત હોવાનું બહાર આવ્યું છે.

યુએન એજન્સીએ જણાવ્યું કે સોમાલિયાની સરકારે પૂરનો સામનો કરવા માટે સંઘીય મંત્રીઓ અને પ્રાદેશિક અધિકારીઓનો સમાવેશ કરતી એક સમિતિની રચના કરી છે. સોમાલિયા, એક એવો દેશ છે જ્યાં લગભગ બે તૃતીયાંશ વસ્તી તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે.

# TRUMP-SYRIA PREZ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અમેરિકા અને ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ-GCCની સભ્યોની શિખર પરિષદ દરમિયાન સીરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ અને ભૂતપૂર્વ ઇસ્લામિક બળવાખોર નેતા અહમદ અલ-શરાને મળ્યા હતા.

બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે સીરિયાના નેતાને ઈઝરાયેલ સાથેના સંબંધોને સામાન્ય બનાવવા માટે અબ્રાહમ કરારમાં જોડાવા વિનંતી કરી હતી. અબ્રાહમ કરાર એ પશ્ચિમ એશિયાના દેશો માટે અમેરિકાની આગેવાની હેઠળની પહેલ છે. તેમણે એમ પણ જણાવ્યું કે ભવિષ્યમાં અમેરિકા આ કરારમાં વધુ દેશોને ઉમેરવાનું ચાલુ રાખશે. વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન રશિયા-યુક્રેન સંઘર્ષ અને ગાઝામાં યુદ્ધ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બેઠકમાં હાજર રહ્યા હતા, જ્યારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન વિડિયો કોન્ફરન્સિંગથી જોડાયા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિએ સીરિયા પરના પ્રતિબંધો હટાવવાની જાહેરાત કર્યાના એક દિવસ પછી આ બેઠક યોજાઈ છે.

# PAK- BALOCHISTAN KILLINGS

પાકિસ્તાનમાં, પંજાબ પ્રાંતના વિવિધ વિસ્તારોનાં ઓછામાં ઓછા ચાર શ્રમિકોનાં મૃતદેહો આજે બલુચિસ્તાનના નુશ્કી જિલ્લામાંથી મળી આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બંદૂકધારીઓએ પીડિતો પર ગોળીબાર શરૂ કર્યો હતો, જેમાં તેઓ સ્થળ પર જ માર્યા ગયા હતા. પોલીસ અધિકારીઓએ હત્યાની તપાસ શરૂ કરી છે.

તાજેતરની ઘટનાએ બલુચિસ્તાનમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ પર ગંભીર ચિંતા ઉભી કરી છે. સત્તાવાળાઓ કામ માટે બલુચિસ્તાન આવતા પંજાબ પ્રાંતના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.